# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્યમાં કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓના 17 લાખ 92 હજાર ખેડૂતોને અત્યાર સુધીમાં 5 હજાર 330 કરોડથી વધુ સહાય ચૂકવાઈ.**
2. **રાજ્યમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા હેઠળ વિતરણ કરાયેલા પાંચ કરોડ આઠ લાખ ગણતરી ફોર્મમાંથી , 4 કરોડ 34 લાખ ફોર્મ ભરાઈને પરત આવ્યા**
3. **ઉચ્ચ સ્તરીય બેઠક બાદ હિંમતનગરમાં હુડાનો નિર્ણય હાલ પુરતો સ્થગિત કરાયો**
4. **આગામી મહાશિવરાત્રિ પર્વ અંતર્ગત જૂનાગઢ ના મેળાના આયોજન અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ**
5. **જયપુર ખાતે રમાતી સંતોષ ટ્રોફી,માં ગુજરાતની ટીમે મહારાષ્ટ્રને 3-0 થી પરાજય આપ્યો.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# KRUSHI SAHAY

રાજ્યમાં કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓના કુલ 17 લાખ 92 હજાર ખેડૂતોને અત્યાર સુધીમાં પાંચ હજાર 330 કરોડથી વધુ સહાય ચૂકવાઈ છે.

ગઇકાલે મંત્રીમંડળની બેઠક બાદ મીડિયાને સંબોધન કરતાં પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ કે અત્યાર સુધીમાં 23 લાખ 18 હજાર ખેડૂતોને સહાય ચૂકવવા કુલ 6 હજાર 890 કરોડ રૂપિયા વધુના ઓનલાઇન બીલો તૈયાર કરાયા છે.

## બાઇટ : જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી

રાજ્યના ચાર લાખ 75 હજાર ખેડૂતો પાસેથી અત્યાર સુધીમાં 7 હજાર 537 કરોડના મૂલ્યની 10 લાખ 49 હજાર મેટ્રિક ટન મગફળી , મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરાઈ છે.

દરમિયાન તુવેરના વેચાણ માટે ખેડૂતો 22 ડિસેમ્બરથી 21 જાન્યૂઆરી 2026 સુધી ઓનલાઈન નોંધવી કરાવી શકશે.

---

# CABINET CYBER FRAUD

રાજ્યમાં સાયબર ગુનેગારો સામેના ઓપરેશન મ્યૂલ હન્ટ અંતર્ગત એક અઠવાડિયામાં 494 FIR દાખલ કરીને 340 જેટલા આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

મંત્રી મંડળની બેઠકમાં સાયબર સુરક્ષા અંગે રાજ્ય સરકારની સતર્કતા અને સફળતા અંગે થયેલી ચર્ચાની માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, ગુજરાત પોલીસ દ્વારા સાયબર છેતરપિંડીમાં જતા નાણાંને ફ્રીઝ કરવાની કામગીરીમાં ખૂબ મોટી સફળતા પ્રાપ્ત થઈ છે.

## બાઇટ : જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી

મંત્રી મંડળની બેઠકમાં મુખ્યમંત્રી સહિત સમગ્ર મંત્રીમંડળે ગુજરાત સાયબર ક્રાઇમ સેલની કામગીરીને બિરદાવી હતી.

---

## GUJ- SIR

રાજ્યમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા વિતરણ હેઠળ કરાયેલા કુલ 5 કરોડ 8 લાખ ગણતરી ફોર્મમાંથી, 4 કરોડ 34 લાખ ફોર્મ નાગરિકો દ્વારા પરત કરવામાં આવ્યા છે. આ બધા ફોર્મ સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ કરવામાં આવ્યા છે. આ સઘન પ્રક્રિયા દરમિયાન , અધિકારીઓએ 18 લાખથી વધુ મૃત મતદારો , 9 લાખથી વધુ ગેરહાજર મતદારો અને લગભગ 4 0 લાખ મતદારો કાયમી રીતે સ્થળાંતર કરી ચૂક્યા છે, તેવું સામે આવ્યું છે.

વધુમાં, મતદાર યાદીની ચોકસાઈ સુનિશ્ચિત કરવા માટે , 3 લાખ થી વધુ ડુપ્લિકેટ એન્ટ્રીઓ શોધી, તેને દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

આવતીકાલે ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ કરાશે. મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયા બાદ 19 ડિસેમ્બર 2025થી 18 જાન્યુઆરી 2026 સુધી યાદી સંબધી વાંધા રજૂ કરી શકશે.

---

# CM DAUDI VOHRA SAMAJ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરુ સૈયદના મફુદ્દલ સૈફુદ્દીન સાહેબ સાથે મુલાકાત કરી.

અમદાવાદની મઝાર-એ-કુત્બી ખાતે મુલાકાત દરમ્યાન , સૈયદના સાહેબે જનકલ્યાણ, સામાજીક સમરસતા અને જવાબદાર નાગરિકત્વના મહત્વવિશે ચર્ચા કરી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ 32મા દાઈ સૈયદના કુતબખાન કુતબદ્દીન સાહેબની પુણ્યતિથિ નિમિતે તેમની દરગાહ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી, અને શહેરમાં આ સમાજના ઇતિહાસ અને વારસાને બિરદાવ્યો હતો.

---

# HUDA

સાબરકાંઠામાં હિંમતનગર અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી એટલે કે, **HUDA**ની રચનાના નિર્ણયને રાજ્ય સરકારે હાલ પુરતો સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગઈકાલે હિંમતનગર અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટીની રચના મુદ્દે સંબંધિત ગામોના આગેવાનો અને ગ્રામજનો સાથે બેઠક યોજાઈ હતી.

**HUDA** મુદ્દે સંબધિત ૧૧ ગામના આગેવાનો તથા ગ્રામજનોના તમામ મુદ્દાઓ કાળજીપૂર્વક સાંભળીને રાજ્ય સરકારે હિંમતનગર અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી બનાવવાના નિર્ણયને હાલ સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.

---

# IACE – NARESH PATEL

આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે આંતરરાષ્ટ્રીય ઓટોમોબાઇલ ઉત્કૃષ્ટતા કેન્દ્ર ગાંધીનગર ખાતે ઉચ્ચ કૌશલ્ય તાલીમ પ્રાપ્ત **376** વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કર્યા.

સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરેલ આ વિદ્યાર્થીઓએ નામાંકિત ઓટોમોબાઈલ કંપનીઓમાં નોકરી મેળવી છે. 'ઇન્ટેન્સિવ ટ્રેનિંગ પ્રોગ્રામ' પૂર્ણ કરનાર **376** પૈકી **301** આદિજાતિ વિદ્યાર્થીઓની સંપૂર્ણ ફી રાજ્ય સરકારે ચૂકવી હતી.

---

# VB G RAM G PUNSARI VILLAGE SABARKANTHA

લોકસભામાં રજૂ કરાયેલા વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ ખરડો, **2025** ગ્રામીણ પરિવારો માટે **125** દિવસના વેતનની વૈધાનિક ગેરંટીનો પ્રસ્તાવ મૂકે છે. જેને લઇ ગ્રામીણ વિસ્તારમાં ખેડૂતોને , શ્રમજીવીઓને ફાયદો થશે.

આ અંગે સાબરકાંઠા જિલ્લાના પુંસરી ગામના પૂર્વ સરપંચ હિમાંશુ પટેલે પ્રતિક્રિયા આપી.

## બાઇટ : હિમાંશુ પટેલ, પુંસરીના પૂર્વ સરપંચ

આ અંગે પંચમહાલ જિલ્લાની પિંગલી ગામના સરપંચ વિજયસિંહ સોલંકીએ પ્રતિક્રિયા આ મુજબ આપી.

## બાઇટ : વિજયસિંહ સોલંકી, પિંગલી ગામના સરપંચ

---

# MAHASHIVRATRI BETHAK

આગામી મહાશિવરાત્રિ પર્વ અંતર્ગત જૂનાગઢ ભવનાથ મહાશિવરાત્રિ મેળાના આયોજન અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ.

બેઠકમાં સંતોની રવેડી નું જીવંત પ્રસારણ  અને શાહી સ્નાન , સાધુ સંતોના દર્શનની વ્યવસ્થા ઉપરાંત સમગ્ર મેળા દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા  , મફત પાર્કિંગ વ્યવસ્થા, સુરક્ષા વ્યવસ્થા , યોગ્ય મેડિકલ સુવિધા  સહિતની તમામ બાબતો પર બારીકાઈથી ચર્ચા કરવામાં આવી હતી.

---

# SANTOSH TROPHY

જયપુર ખાતેના વિદ્યાધરનગર સ્ટેડિયમમાં ર માતી સંતોષ ટ્રોફીમાં ગુજરાતની ટીમે પોતાની પ્રથમ મેચમાં મહારાષ્ટ્રને 3-0 થી પરાજય આપ્યો હતો. આ વિજય સાથે ગુજરાતે 3 પોઈન્ટ્સ મેળવી લીધા છે.

ગુજરાતની ટીમ હવે 19મી ડિસેમ્બરે   રાજસ્થાન સાથે અને 21 ડિસેમ્બરે દાદરા નગર હવેલી અને દમણ અને દીવ સાથે મેચ રમશે.જે ટીમ ગ્રુપમાં ટોપ કરશે તે આગામી જાન્યુઆરીમાં આસામમા ફાઈનલ રાઉન્ડમાં રમવા જશે.

---

# RAILWAY BOOKING

પશ્ચિમ રેલવે દ્વારા રેલવે બોર્ડના સૂચનાનુસાર તત્કાલ બુકિંગ સિસ્ટમમાં એક મહત્વપૂર્ણ ફેરફાર અમલમાં મુકવામાં આવી રહ્યો છે.

હવે તત્કાલ ટિકિટ માત્ર સિસ્ટમ દ્વારા મોકલવામાં આવેલા વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી)ના સત્યાપન બાદ જ જારી કરવામાં આવશે. આ ઓટીપી આધારિત તત્કાલ પ્રમાણિકરણ પ્રણાલી 18 ડિસેમ્બરથી સાબરમતી-જમ્મુ તાવી એક્સપ્રેસ, અસારવા-ઇન્દોર વીરભૂમિ એક્સપ્રેસ અને અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ છે.

અગાઉ રાજધાની, પુણે દૂરંતો એક્સપ્રેસ સહિતની પાંચ ટ્રેનોમાં અગાઉથી આ પ્રણાલી અમલમાં મૂકવામાં આવી છે.

---

# KHIJADIYA – VISITORS

જામનગરમાં આવેલા ખીજડિયા પક્ષી અભયારણ્યની વર્ષ 2024-25 દરમિયાન 52 હજાર 400થી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે. વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ માટે તૈયારીઓ ચાલી રહી છે . ત્યારે આ અભયારણ્ય રાજ્યની પર્યાવરણીય શ્રેષ્ઠતા અને ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ બની રહ્યું છે.

વન અને પર્યાવરણ વિભાગના આંકડા મુજબ , વર્ષ 2023–24 દરમિયાન આ અભ્યારણ્યમાં 317 પક્ષીઓની પ્રજાતિ નોંધાઈ હતી , જે 2024–25માં વધીને 332 થઈ છે. જે અભયારણ્યની સતત વિકસતી જૈવવિવિધતાને દર્શાવે છે.

---

# ARVALLI KHEL MAHOTSAV

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે સાંસદ ખેલ મહોત્સવની ઉજવણી કરવામાં આવી. રાજ્યકક્ષાના પૂર્વ મંત્રી ભીખુસિંહ પરમારના હસ્તે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરાયું હતું. જેમાં મોડાસા તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી રમતવીરો જોડાયા હતા.

---